# અમદાવાદ જીલ્લો




- ❖ અમદાવાદ જીલ્લાની ઉત્તર દિશામાં  મહેસાણા, સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાઓ આવેલા છે. પૂર્વ દિશાએ  ખેડા અને આણંદ જિલ્લો, દક્ષિણ દિશાએ  ખંભાતનો અખાત અને ભાવનગર જિલ્લો  તથા પશ્ચિમ દિશાએ  સુરેન્દ્રનગર જિલ્લો  આવેલો આવેલા છે.
- ❖ અહમદશાહે તા.૨૬/૨/૧૪૧૧ના રોજ માણેક બુર્જ પાસે અમદાવાદનો પાયો નંખાયો હતો. અમદાવાદ નવી રાજધાની તા. ૪/3/૧૪૧૧ના રોજ નક્કી થઇ હતી.
- ❖ ક્ષેત્રફળ :- ૮,૦૮૬ચો કિમી
- ❖ સ્થાપના : ૧૯૬૦
- ❖ વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ❖ વિધાનસભાનીકુલસીટો:-૨૧{વિરમગામ,સાણંદ,ઘાટલોડીયા,વેજલપુર,વટવા,એલીસબ્રીજ,નારણપુરા, નિકોલ,નરોડા,ઠક્કરબાપાનગર,બાપુનગર,અમરાઈવાડી,દરિયાપુર-કાલુપુર,જમાલપુર-ખાડીયા, મણીનગર,દાણીલીમડા (એસ.સી), ધંધુકા,દસકોઈ,અસારવા(એસ.સી) , સાબરમતી અને ધોળકા }
- ❖ વસ્તી :-૭૨,૧૪,૨૨૫ (૨૦૧૧મુજબ )
- ❖ અક્ષર જ્ઞાન :-૮૬.૬૫%
- ❖ સ્ત્રી પુરૂષ પ્રમાણ:-૯૦૪(દરહજારે)

- વસ્તી ગીચતા :-૯૮૩ એક ચો.કિમી (વ્યક્તિ દીઠ)
- મુખ્ય મથક :-અમદાવાદ
- તાલુકાઓ :-10(1) ધોલેરા , (2) દસ્કોઈ, (3) બાવળા, (4) સાણંદ , (5) ધોળકા, (6)ધંધુકા, (7)દેત્રોજ, (8)માંડલ, (9)વિરમગામ
- તાલુકા પંચાયતની કુલ સીટો :-૯ (બેઠકો-૧૭૬)
- જિલ્લા પંચાયતની કુલ સીટો :- ૩૪
- નગરપાલિકા સંખ્યા અને વોર્ડ :- ૩( ૨૭) (કુલ બેઠકો-૧૦૮)
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કુલસીટો :- ૪૮(કુલ સભ્યો :-૧૯૨)
- અમદાવાદના પ્રથમ મેયર :- ચીનુભાઈ બેરોનેટ
- ગામડાંઓ :-૫૧૧
- ગ્રામ પંચાયતો :- ૪૬૮
- આરટીઓ નંબર :- **GJ-01, GJ-27,GJ - 38**
- હવાઈમથક :-અમદાવાદ (આંતરરાષ્ટ્રીય) સરદાર પટેલ હવાઈમથક,અમદાવાદ
- બંદર :- ધોલેરા, વિઠ્ઠલ
- નદીઓ:- સાબરમતી. મેશ્વો, ખારી, ભોગાવો, સુખભાદર,વાત્રક
- વાવ :- દાદા હરીનીવાવ,માતર ભવાની વાવ, આશાપુરાની વાવ,અમૃતવર્ષિણી વાવ,જેઠાભાઈની વાવ
- રાજ્યકક્ષાનું વન:- સાંસ્કૃતિક વન (૨૦૧૯, ઓઢવ,જડેશ્વર)
- ડેરી :- આબાદ ડેરી,ઉત્તમ ડેરી
- અભયારણ્ય :- નળ સરોવર પક્ષી અભયારણ્ય(સાણંદ)
- તળાવ :- કાંકરિયા,ચંડોળા અને વસ્ત્રાપુર તળાવ (અમદાવાદ) મુનસર તળાવ અને ગંગાસાગર (વિરમગામ),મલાવ તળાવ (મીનળદેવીએ બંધાવેલ)(ધોળકા)
- સરોવર :- નળસરોવર અને ખાન સરોવર (ધોળકા)
- પાક:- કપાસ ,ઘઉં ,ડાંગર,એરંડા, જામફળ,બટાકા અને જુવાર
- મેળો :- વૌઠાનો મેળો (ધોળકા)
- ઉદ્યોગ :- ઓટોહબ, ટેક્ષ્ટાઈલ અને પાવરલુમ,જ્વેલરી, પ્લાસ્ટિક, રેડીમેઈડ ગારમેન્ટ્સ ડેટા પ્રોસેસિંગ , દવા ઉદ્યોગ નોંધપાત્ર છે.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- મ્યુઝિયમ :- કેલિકો મ્યુઝિયમ ઓફ ટેકસટાઇલ (અમદાવાદ), શ્રેયસ મ્યુઝિયમ (અમદાવાદ- ૧૯૭૭), વિન્ટેજકાર મ્યુઝિયમ (કઠવાડા), લાલભાઈ દલપતભાઈ પ્રાચ્ય વિદ્યામંદિર મ્યુઝિયમ (અમદાવાદ- ૧૯૫૬), આદિવાસી – નૃવંશવિદ્યા મ્યુઝિયમ (અમદાવાદ-૧૯૬૧), સી.એન. સંગ્રહાલય (અમદાવાદ-

www.gnanbhandar.com

૧૯૬૧), ભો.જે. વિદ્યામંદિર અને સંશોધન મ્યુઝિયમ (અમદાવાદ), બી.જે. મેડિકલ મ્યુઝિયમ (અમદાવાદ)

- ❖ અગત્યના શહેરો :-અમદાવાદ, ધોળકા ,વિરગામ ધંધુકા ,વૌઠા ,લોથલ ,સાણંદ
- ❖ ઉચ્ચ શૈક્ષણિક તથા સંશોધન સંસ્થા :-
  - ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ (આઇઆઇએમ)(સ્થાપના – ૧૯૬૧)
  - નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ડીઝાઈન (એન.આઈ.ડી) (સ્થાપના-૧૯૬૧)
  - એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી
  - બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ
  - એમ.પી.શાહ કેન્સર રિસર્ચ ઇન્સ્ટીટયુટ,અમદાવાદ
  - યુ.એન.મહેતા કિડની હોસ્પિટલ, અમદાવાદ
  - સાયન્સ સિટી, અમદાવાદ
  - સેન્ટર ફોર એન્વાયરમેન્ટ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી(સેપ્ટ), અમદાવાદ(૧૯૬૩)
  - સ્પેશ એપ્લીકેશન સેન્ટર (SAC)
  - અમદાવાદ ટેક્સટાઈલ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ રિસર્ચ એસોસીએશન (અટીરા)
  - ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ (સ્થાપના-૧૯૪૯)
  - ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ (સ્થાપના -૧૯૨૦)
  - રક્ષાશક્તિ યુનિવર્સિટી,અમદાવાદ (સ્થાપના-૨૦૦૯)
  - નિરમા યુનિવર્સિટી,અમદાવાદ (સ્થાપના- ૨૦૦૩)
  - ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી,અમદાવાદ (સ્થાપના-૧૯૯૧)
  - ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ (સ્થાપના-૧૯૮૫)
  - ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી,અમદાવાદ (સ્થાપના- ૨૦૦૭)
  - ઇન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો),અમદાવાદ (સ્થાપના -૧૯૪૭)
  - ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ, અમદાવાદ (સ્થાપના – ૧૯૬૧)
  - ડૉ. વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમદાવાદ (સ્થાપના-૧૯૬૨)
  - ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો)- અમદાવાદ (સ્થાપના- ૧૯૬૯)
  - સ્પેશ એપ્લીકેશન સેન્ટર, અમદાવાદ (સ્થાપના- ૧૯૭૨)
  - વેધશાળા, અમદાવાદ (સ્થાપના – ૧૯૫૬)
  - ગુજરાત સાયન્સ સિટી (સ્થાપના- ૨૦૦૧)
  - અમર ભારતી મહિલા ગ્રામ વિદ્યાપીઠ, મોટી પાવઠી
  - મહાત્મા ગાંધી લેબર ઇન્સ્ટિટયૂટ, અમદાવાદ
  - વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન

www.gnanbhandar.com

❖ જોવાલાયક સ્થળો :- હડપ્પા સંસ્કૃતિના અવશેષો(લોથલ ),સીદીસૈયદની જાળી ,ઝૂલતા મિનારા ,હઠીસિંહના દેરા ,કાંકરિયાતળાવ ,પતંગ મ્યુઝીયમ ,ભાવનિર્ઝર ,સાબરમતી આશ્રમ (૧૭/૬/૧૯૧૭),સત્યાગ્રહ આશ્રમ , ભદ્રનો કિલ્લો(૧૪૧૧), ત્રણ દરવાજા,દાદા હરિની વાવ ,ગુજરાત વિદ્યાપીઠ (અમદાવાદ-૧૯૪૯),સાબરમતી આશ્રમ (૧૯૧૭) સાબરમતી રીવરફ્રન્ટ(અમદાવાદ),પક્ષી દર્શન નળસરોવર (વિરમગામ),સાળંગપુર હનુમાન મંદિર,બુટભવાનીમંદિર,ગણેશપુરાનું ગણપતિનું મંદિર(ગણેશપુરા), સરદારપટેલ સ્મારક ભવન(૧૯૮૦),અંતરીક્ષ ઉપયોગ કેન્દ્ર, જુમ્મા મસ્જિદ,ભાગવત વિદ્યાપીઠ , સારંગપુર , સૂફી સંત મહંમદ ગજનો રોજો (સરખેજ), હડપ્પા સંસ્કૃતિ(લોથલ), સાત નદીઓનો સંગમ (વૌઠા),જગન્નાથનું મંદિર (જમાલપુર)

## વિશેષ નોંધ :-

- શેખઅહેમદ ખટુ ગંજબક્ષ નામના મુસ્લિમ સંતના હાથે અમદાવાદ શહેરનો પાયો નખાયો.
- અમદાવાદ શહેરમાં કુલ ૨૧ દરવાજા આવેલા છે. સારંગપુર દરવાજા પાસે આવેલા ઝૂલતા મિનારાનું નિર્માણ કુબુબુદ્દીન શાહે ગુલામ સીદી બશીર પાસે નિર્માણ કરાવ્યુ હતું.
- ઇ.સ. ૧૫૭૩માં સીદી સઇદે ભદ્રમાં લાલ દરવાજા પાસે સીદી સૈયદની મસ્જિદ બનાવી હતી. આ મસ્જિદ તેની જાળી માટે વિખ્યાત છે.
- અમદાવાદ શહેરની સૌથી જૂની મસ્જિદોમાંની એક જમા મસ્જિદ બાદશાહ અહમદશાહે ઇ.સ. 1424માં બંધાવી હતી. મસ્જિદની નજીકમાં અહમદશાહની પત્નીઓની કબર આવેલી છે જે રાણીના હજીરા તરીકે ઓળખાય છે.જામા મસ્જિદ ઇસ્લામી સ્થાપત્ય કલાનો બેનમુન નમુનો છે.
- અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાં આવેલ આ મસ્જિદ મહમદ બેગડાની હિન્દુ રાણી અસમીએ દ્વારા ઇ.સ. 1514માં બાંધવામાં આવી હતી. હઠીસિંહના દેરા અમદાવાદના ધનવાન જૈન નગરશેઠ હઠીસિંહ કેસરીસિંહ દ્વારા ઇ.સ. 1848માં આ દેરાનું બાંધકામ કરવાની યોજના હતી.
- અમદાવાદમા આવેલ એલિસબ્રિજ પુલનું બાંધકામ ઇ.સ. 1889માં રાવબહાદુર હિંમતલાલ ધીરજલાલ ગુજરાતી ઇજનેરએ કર્યું હતું.

- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ગુજરાતનાં સુલ્તાન અહમદશાહે ઇ.સ.૧૪૧૧માં અમદાવાદને રાજધાની બનાવી હતી.
- એશિયાનું ત્રીજું અને ભારતનું પ્રથમ વર્લ્ડ ડેરીટેજ સિટી અમદાવાદને અબુલ ફઝલે ‘ દુનિયાનું બજાર’ કહ્યું હતું.
- અમદાવાદમા આવેલ ‘ ચિંતામણી પાર્શ્વનાથ જૈન મંદિર’ શાંતિદાસ ઝવેરીએ બંધાવ્યું હતું.

www.gnanbhandar.com

- અમદાવાદ મુઘલકાલીન ગુજરાતમાં શિક્ષણ અને સાહિત્યનું મહત્વનુ કેન્દ્ર હતું.
- ભારતનું માન્ચેસ્ટર ગણાતું અમદાવાદની સ્થાપના ૨૬ ફેબ્રુઆરી ૧૪૧૧માં એહમદશાહ બેગડાએ કરી હતી.અમદાવાદનું કાંકરીયા તળાવ કુતુબુદ્દીન મોહમ્મદ શાહે બંધાવ્યું હતું.
- ઇ.સ. 1423માં અહેમદશાહે અમદાવાદમાં જામા મસ્જિદ બંધાવી હતી.
- ગુજરાતનું સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય કમલા નહેરૂ ઝુઓલોજિકલ પાર્ક, અમદાવાદમાં છે.
- અમદાવાદ સાબરમતીની કિનારે વસેલું ગુજરાતનું સૌથી મોટું શહેર છે.
- ગુજરાત રાજ્યનું પ્રાચીન પાટનગર અમદાવાદ ( ૧૯૬૦ થી ૧૯૭૦)હતું.
- અમદાવાદનું પ્રાચીન નામ કર્ણાવતીનગર હતું.
- ઇ.સ.1850માં ' અમદાવાદનો ઇતિહાસ' પુસ્તકના લેખક શેઠ મગનલાલ વખતચંદ હતા. જે આ વિષય પરનું પ્રથમ ગુજરાતી પુસ્તક છે.
- ' અમદાવાદ એટલે અમદાવાદ' પુસ્તકનાં લેખક વિનોદ ભટ્ટ છે.
- ધોળકા ગુજરાતમાં વાઘેલા વંશની રાજધાની હતી.
- અમદાવાદમાં દેશી નાટક સમાજ મંડળી આવેલ છે.
- અમદાવાદમાં ઇમામશાહે ઈરાનથી આવીને પીરાણા પંથની સ્થાપના કરી હતી.
- અમદાવાદમાં આવેલી જામા મસ્જિદ બાદશાહ અહમદશાહ (ઈ.સ.૧૪૨૩) બંધાવી હતી.
- અમદાવાદ ખાતે સરખેજનો રોજો મુસ્લિમોના સંત શેખ અહમદ ખટ્ટુગંજ બક્ષીની દરગાહ આવેલી છે.
- ગુજરાતનું સૌપ્રથમ ક્લોથ માર્કેટ અમદાવાદમાં સ્થાપાયું હતું.અને કાપડ બજારનું મહત્વનુ મથક હતું.
- અમદાવાદ શહેરમાં કિનખાબ ઉદ્યોગ ભારતભરમાં પ્રખ્યાત છે.
- અમદાવાદમાં આવેલી આઈ.આઈ.એમ સંસ્થા એશિયામાં પ્રથમ ક્રમે આવે છે.
- ભારતમાં વસ્તીની દ્રષ્ટીએ અમદાવાદ સાતમા નંબરનું અને ગુજરાતમાં પ્રથમ શહેર છે .
- એશિયાનું સૌથી મોટું ઓપન થિયેટર- ડ્રાઈવ-ઇન-સિનેમા,અમદાવાદ
- ઈ.સ.૧૯૪૭માં વેધશાળા ની સ્થાપના અમદાવાદમાં થઇ હતી.
- ગુજરાત વિદ્યાપીઠ સૌપ્રથમ ડાહ્યાભાઇ મહેતાના બંગલામાં શરૂ કરવામાં આવી હતી.
- ગૂજરાત વિધાપીઠને ડીમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો ઈ.સ.૧૯૬૩માં મળ્યો હતો.
- અમદાવાદમા રાયખંડ વિસ્તારમાં ઇ.સ.૧૮૭૪માં મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનીંગ કોલેજ આવેલી છે જે મહાલક્ષ્મીનું અકાળે અવસાન થવાથી તેમની યાદમાં સ્થાપના કરવામાં આવી હતી.
- અમદાવાદ ભદ્ર ખાતે આવેલ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયની સ્થાપના લલ્લુભાઈ જગજીવનદાસ ઠક્કરે કરી હતી.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન( એ.એમ.સી) ની સ્થાપના ૧૯૫૦માં થઇ હતી. અને અમદાવાદના પ્રથમ મેયર ચીનુભાઈ બેરોનેટ હતા.
- અમદાવાદ શહેરની પોળમાં આવેલી હરકોઈ શેઠાણીની હવેલી કાષ્ઠકલા માટે સુપ્રસિદ્ધ છે.

www.gnanbhandar.com

- ભારતીય અવકાશ કાર્યક્રમના પિતામહ ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મ ૧૨ઓગસ્ટ ૧૯૧૯ના રોજ અમદાવાદમા થયો હતો. તેમણે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઇસરો)ની સ્થાપના કરી હતી.
- હડપ્પા સંસ્કૃતિ બંદર ભોગાવો નદીને કાંઠે લોથલ બંદરે આવેલ છે.
- ગુજરાતનું સૌથી મોટું પક્ષી અભયારણ્ય નળ સરોવર આ જિલ્લામાં આવેલ છે.
- ધોળકા તાલુકાના વૌઠા  સાત નદીઓનું ( સાબરમતી, હાથમતી , વાત્રક, મેશ્વો, માઝમ, શેઢી અને ખારી)  સંગમસ્થાન થાય છે.ત્યાં પશુઓનો મેળો (વૌઠાનો મેળો) પ્રચલિત છે. આ મેળો કારતક સુદ પૂનમના દિવસે ભરાય છે.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ભડિયાદ ખાતે મહેબૂબશાહ બુખારીની પવિત્ર દરગાહ આવેલી છે જ્યાં ઉર્સનો મેળો ભરાય છે.
- ધોળકામાં મિનલદેવીએ મલાવ તળાવ બંધાવ્યું હતું.
- ધોળકા પાસે રંગપુર આવીને રામબાવાએ રામદેવપીરનું મંદિર બંધાવ્યું હતું.
- સાબરમતી નદીના કિનારે દધીચિ રૂષિનો આશ્રમ આવેલો છે.
- અમદાવાદનો પાયો ઈ.સ.૧૪૧૧માં નખાયો  હતો, સ્વતંત્રતા સમયે ગાંધીજીની કર્મભુમિ હતું .
- મહાભારત સમયનું  વિરાટનગર મનાતું ધોળકા તેના જામફળ અને દાડમના બગીચાઓ માટે જાણીતું છે
- ‘ અટીરા’ ( અમદાવાદ ટેક્સટાઈલ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ રિસર્ચ એસોસીએશન)( કાપડ અંગેનું સંશોધન) સંસ્થાની સ્થાપના ડોક્ટર વિક્રમ સારાભાઈએ કરી હતી.
- ભારતભરમાં આર્કિટેક્ચરના અભ્યાસ માટે જાણીતી સંસ્થા‘CEPT ‘ ( સેન્ટર ફોર એન્વાયરમેન્ટ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજીસ્થાપના-૧૯૬૩) અમદાવાદમાં આવેલી છે.
- ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ(PRL- ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા)ની સ્થાપના ૧૧ નવેમ્બર ૧૯૪૭માં ડો. વિક્રમ સારાભાઈએ કરી હતી.
- સ્ત્રીઓને સ્વાવલંબી બનાવવા માટે સ્થપાયેલી જયોતિસંઘની સ્થાપના અમદાવાદમાં મૃદુલા સારાભાઈ કરી હતી. તેનું નામકરણ અને ઉદ્દઘાટન મહાત્મા ગાંધીજી કર્યું હતું.
- અમદાવાદ ખાતે કેલિકો મ્યુઝિયમ ઓફ ટેકસટાઇલની સ્થાપના ઇ.સ. ૧૯૪૯માં શ્રી ગૌતમ સારાભાઈએ કરી હતી. જે સમગ્ર ભારતમાં કાપડ ઉદ્યોગને લાગતું એકમાત્ર મ્યુઝિયમ છે.
- અવકાશ સંશોધનક્ષેત્રે કામ કરતી સંસ્થા સ્પેશ એપ્લીકેશન સેન્ટર (SAC) અમદાવાદમાં આવેલી છે.
- એશિયાની સૌથી મોટી હોસ્પિટલ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ છે.
- ગુજરાતી કવિ અખો અમદાવાદમાં ખાડિયા વિસ્તારમાં આવેલી દેસાઈની પોળમાં કૂવાવાળા ખાંચામાં રહેતો હતો.
- સારંગપુરમાં પ્રખ્યાત સ્વામિનારાયણ મંદિર અને હનુમાનજીનું મંદિર આવેલું છે.
- ભડીયાદ મુસ્લિમ યાત્રાધામ આવેલું છે.
- વડોદરા જીલ્લાના કોયલી ખાતે ઓઈલ રીફાઈનરી અને પેટ્રોકેમિકલ્સ સંકુલ માટે જાણીતું છે.

www.gnanbhandar.com

- એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલની રચના અને વિકાસનો યશ કોને જાય છે? – ડૉ. જીવરાજ મહેતા
- એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ અમદાવાદ સ્થિત છે જેનું હરકુંવર શેઠાણી છે.
- અમદાવાદનું કાંકરિયા તળાવ સુલતાન કુત્બુદીને અને જુમ્મા મસ્જિદ અહમદશાહ બાદશાહે બંધાવેલ છે.
- હડપ્પીય સંસ્કૃતિના મહત્વનું સ્થળ લોથલની શોધ ઇ.સ. ૧૯૫૪માં ડૉ.એસ.આર.રાવ નામના પુરાતત્વશાસ્ત્રીએ કરી હતી.
- કેલિકો મ્યુઝિયમ ઓફ ટેકસટાઇલ , અમદાવાદમા આવેલું છે અને તેની સ્થાપના 1949માં ગૌતમ સારાભાઈએ કરી હતી.

- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- સૌપ્રથમ સુતરાઉ કાપડની મિલ અમદાવાદમા ઇ.સ. ૧૮૬૧માં રણછોડલાલ છોટાલાલ રેંટિયાવાળાએ શરૂ કરી હતી.
- ભગવાન મલ્લિનાથનું પવિત્ર યાત્રાસ્થળ " ભોયણી" અમદાવાદ જીલ્લામાં આવેલ છે.
- ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના ૨૩ નવેમ્બર ૧૯૪૯ના રોજ થઈ હતી અને તેના પ્રથમ કુલપતિ હરસિદ્ધભાઈ દિવેટિયા હતા.
- વિક્રમ સારાભાઈનાં પુત્ર કાર્તિકેય સારાભાઈને અમદાવાદ ખાતે Centre For Envirnoment Education' સંસ્થાની સ્થાપના કરી હતી.
- વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ ' નરેંદ્ર મોદી સ્ટેડિયમ' અમદાવાદમાં પ્રથમ સિક્સર મારવાનો રેકોર્ડ ઈશાંત શર્માએ બનાવ્યો . ઈશાંત શર્માની ટેસ્ટ ક્રિકેટમાં પણ તેની પ્રથમ સિક્સર હતી.
- વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ ' નરેંદ્ર મોદી સ્ટેડિયમ' માં પ્રથમ સદી ફટકારનાર ભારતીય ખેલાડી રિષભ પંત છે.
- ૨૬ જાન્યુઆરી ૧૯૯૧ના રોજ સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, અમદાવાદની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી.
- અમદાવાદનો એલિસબ્રિજ (વિવેકાનંદ પુલ)નું બાંધકામ રાવ બહાદુર હિંમતલાલ ધીરજલાલ ઇ.સ. 1889માં કરાવ્યુ હતું જેને હજુ સુધી કાટ નથી લાગ્યો.
- ધોળકા તાલુકામાં જોવા મળતું પઠાર નૃત્યમાં કાઠી લોકો લાકડીઓનો અડધો ભાગ ધાતુનો અને અડધો ભાગ લાકડાનો હોય છે જે ઠોકીને જુદા જુદા અવાજો કાઢી નૃત્ય કરે છે.

www.gnanbhandar.com

- ધોળકા તાલુકામાંવૌઠા ખાતે કારતક સુદ પૂનમના દિવસે વૌઠાનોમેળો ભરાય છે. આ મેળો ગધેડાના વેચાણ માટે ખૂબ જ જાણીતો છે.
- ગુજરાતની સૌપ્રથમ કોલેજ ગુજરાત કોલેજની સ્થાપના ૧૮૮૭માં અમદાવાદમાં થઈ હતી.
- ગુજરાતનું સૌપ્રથમ થ્રીડી થિયેટર, સાયન્સ સિટી ડાયાભાઇ ઝવેરીએ કરી હતી.
- જહાંગીરે અમદાવાદ શહેરને ' ગર્દાબાદ' ધૂળિયું શહેર કહ્યું હતું.
- વર્ષ ૨૦૧૧ વસ્તી ગણતરી પ્રમાણે સૌથી વધુ સાક્ષરતા ધરાવતો જિલ્લો છે.

- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- અમદાવાદમાં વેદપ્રચારની પ્રવૃતિઓ માટે સ્વામી ગંગેશ્વરાનંદજીએ ઇ.સ. ૧૯૪૭-૪૮માં વેદમંદિરની સ્થાપના કરી હતી.
- અમદાવાદમા આવેલ સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરની સ્થાપનામાં મહંત નૃસિંહદાસજીનો ફાળો સવિશેષ હતો.
- અમદાવાદમા આવેલ સી.એન. વિદ્યામંદિરની સ્થાપના ઇંદુમતીબેન શેઠે કરી હતી.
- અમદાવાદમા સોલા ખાતે આવેલ ભાગવત વિદ્યાપીઠના સ્થાપક કૃષ્ણશંકર શાસ્ત્રી હતા.
- કોચરબ આશ્રમ ગાંધીજી જીવણલાલ બેરિસ્ટરના મકાનને ભાડે રાખી આશ્રમની શરૂઆત કરી હતી.
- વિરમગામ પાસે આવેલ કમીજલા ગામમાં ભાણસાહેબની સમાધિ આવેલી છે.
- ગુજરાતી કવિ શામળ ભટ્ટ અમદાવાદના વેગણપુર(ગોમતીપુર)નો વતની હતો.
- ગુજરાતમાં ઘઉંનું સૌથી વધુ ઉત્પાદન અમદાવાદ જીલ્લામાં થાય છે.
- અમદાવાદ જીલ્લામાં અરણેજ ખાતે બિન પિયત ઘઉંનું સંશોધન કેન્દ્ર આવેલું છે.
- ગુજરાતનું ડેટ્રોઇટ તરીકે ઓળખાતું સાણંદ કારની બનાવટ માટે જાણીતું છે.
- અમદાવાદમા આવેલ શ્રેયસ મ્યુઝિયમ ભારતમાં લોકકલા દર્શાવતુ પ્રથમ મ્યુઝિયમ છે.
- લોથલ ખૂબ જ જૂની સંસ્કૃતિ સ્થળ છે જે અમદાવાદમાં આવેલ છે.
- અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં સાસુ વહુના ઓરડા તરીકે પ્રખ્યાત પૌરાણિક મંદિર આવેલું છે.
- અમદાવાદ એરપોર્ટને ' આંતરરાષ્ટ્રીય હવાઈ મથકનો દરજ્જો' ઇ.સ. ૧૯૯૧માં મળ્યો હતો.
- ગુજરાતમાં સર્વપ્રથમ અંગ્રેજી શાળાની શરૂઆત- અમદાવાદ (૧૮૪૬માં)
- ગુજરાતમાં સર્વપ્રથમ ઉર્દૂ શાળાની શરૂઆત - અમદાવાદ
- ગુજરાતની સર્વપ્રથમ કન્યા પોલીટેકનીક સંસ્થા- અમદાવાદ (૧૯૬૪માં)
- ગુજરાતની સર્વપ્રથમ કન્યાશાળા – મગનભાઈ કરમચંદ , અમદાવાદ
- ગુજરાતની સર્વપ્રથમ કોમર્સ કોલેજ-એચ.એલ.કોમર્સ કોલેજ, અમદાવાદ ( ૧૯૭૯માં)
- ગુજરાતની સર્વપ્રથમ કોલેજ – ગુજરાત કોલેજ , અમદાવાદ (૧૮૮૭માં )

www.gnanbhandar.com

- ગુજરાતની સર્વપ્રથમ લો કોલેજ, અમદાવાદ ખાતે ઇ.સ. ૧૯૨૭માં  સર લલ્લુભાઈ આસારામ શાહે સ્થાપના કરી હતી.
- ગુજરાતમાં સર્વપ્રથમ સાંજની અદાલત (ઇવનિંગ કોર્ટ)ની શરૂઆત- તા.૧૪/૧૧/૨૦૦૬, મિરઝાપુર
- ગુજરાતમાં સર્વપ્રથમ  વિવિધભારતીની શરૂઆત – ૧૯૬૫માં (અમદાવાદ)
- ગુજરાતમાં સર્વપ્રથમ અનાથાશ્રમ – અમદાવાદ (૧૮૯૨માં)
- ગુજરાતમાં સર્વપ્રથમ ઉપગ્રહ સંપર્ક કેન્દ્ર – અમદાવાદ (૧૯૬૭માં
- ગુજરાતની સર્વપ્રથમ કાપડ મિલ- કોટન મિલ.અમદાવાદ (૧૮૬૦માં)
- ગુજરાતની સર્વપ્રથમ ગ્લાઈડીંગ ક્લબ- અમદાવાદ (૧૯૬૨માં)
- ગુજરાતની સર્વપ્રથમ મહિલા સરકારી બેંક-૧૯૭૪માં, અમદાવાદ
- ગુજરાતમાં સૌપ્રથમ સાંધ્ય અદાલતની શરૂઆત – મિર્ઝાપુર (અમદાવાદ)
- અમદાવાદમા સૌપ્રથમ આર્યુવેદ કોલેજની સ્થાપના ભિક્ષુ અખંડાનંદએ કરી હતી. જે અત્યારે આર્યુવેદિક અખંડાનંદ તરીકે જાણીતી છે.
- ગુજરાતનું એકમાત્ર સિનેગોગ – અમદાવાદ
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ફાયર બ્રિગેડ ડ્રોન ધરાવનારી દેશની પ્રથમ ફાયર બ્રિગેડ – અમદાવાદ
- એમ્બ્યુલન્સ માટે રેડ સિગ્નલને ગ્રીન સિગ્નલમાં ફેરવતી સિસ્ટમનો વિશ્વનો સર્વપ્રથમ પ્રયોગ કરનાર ગુજરાતનું શહેર- અમદાવાદ
- ગુજરાતમાં પ્રથમવાર  COVID-19ના ટેસ્ટિંગ માટે મોબાઈલ વાન શરૂઆત – અમદાવાદ
- ગુજરાતનું પ્રથમ ' નિશાચર પ્રાણી સંગ્રહાલય'– કાંકરીયા, અમદાવાદ (૨૦૧૮)
- ગુજરાતમાં ટેલિફોન સેવાનો પ્રારંભ- ૧૮૯૭માં , અમદાવાદ
- દેશની પ્રથમ ગુજરાતમાં ગૂગલ સ્કૂલ – ચાંદલોડીયા પ્રા.શાળા (અમદાવાદ)
- ગુજરાતી સાહિત્યની પ્રથમ પરિષદ – અમદાવાદ (1905)
- ગુજરાતમાં સર્વ પ્રથમ ' સફાઈ વિદ્યાલય'ની શરૂઆત કરનાર- સાબરમતી આશ્રમ,અમદાવાદ
- અમદાવાદ જિલ્લાનું ધોળકા  મેઘાડંબર કાપડ માટે જાણીતું છે.
- અમદાવાદ શહેરમાં આવેલા ઝૂલતા મિનારા બનાવનાર સિદી બશીર હતા.
- ગુજરાતમાં પ્રથમ આકાશવાણી કેન્દ્ર ઇ.સ. ૧૯૪૯માં અમદાવાદમાં શરૂ થયું હતું,
- અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં સૂકભાદર નદીને કિનારે ભારતીય પુરાતત્વીય વિભાગ દ્વારા માધવ સ્વરૂપ વત્સના વડપણ હેઠળ ઉત્ખન્ન દરમિયાન હડપ્પાકાલીન સિંધુ સંસ્કૃતિના અવશેષો સૌપ્રથમ મળી આવ્યા ત્યારબાદ ઇ.સ. ૧૯૫૩માં એસ.આર.રાવ દ્વારા ઉત્ખન્ન કરવામાં આવ્યું હતું. હડપ્પાકાલીન

www.gnanbhandar

સિંધુ સંસ્કૃતિના અવશેષોમાં કાળા ને લાલ મણકાની થાળીઓ અને મોટા ગળાની બરણીઓ મળી આવી હતી.

- રંગપુર અને લોથલમાંથી ચોખાની ખેતીના પુરાવા મળ્યા છે.

www.gnanbhandar.com